ક્રમાંક–૧૯

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**મંગળવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૨૬**
**(પહેલી બેઠક)**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન (નિયમ–૨૩૩)**

સૌ પ્રથમ માનનીય નાણા મંત્રીશ્રીએ સન ૨૦૧૧–૧૨, ૨૦૧૪–૧૫, ૨૦૧૫–૧૬ અને ૨૦૧૮–૧૯ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતા તેના અનુચ્છેદ ૨૦૫ અન્વયે નામદાર રાજ્યપાલશ્રીએ વિધાનસભાને કરેલી ભલામણ વાંચી સંભળાવી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન સંબંધમાં ગૃહને માર્ગદર્શન આપતી જાહેરાત કરી અને માનનીય નાણા મંત્રીશ્રીને વધારાના ખર્ચ માટેની માગણીઓ સભાગૃહ સમક્ષ રજૂ કરવા જણાવ્યું.

ત્યારબાદ માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૧૧–૧૨ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૧૦, ૧૮, ૨૦, ૨૬, ૫૧, ૮૧, ૮૨, ૮૬, ૮૭ અને ૯૬ રજૂ કરી.

સન ૨૦૧૧–૧૨ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૧૦, ૧૮, ૨૦, ૨૬, ૫૧, ૮૧, ૮૨, ૮૬, ૮૭ અને ૯૬ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૧૪–૧૫ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક–૧૯, ૨૬, ૪૩, ૭૩, ૮૧, ૮૫ અને ૮૮ રજૂ કરી.

સન ૨૦૧૪–૧૫ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક– ૧૯, ૨૬, ૪૩, ૭૩, ૮૧, ૮૫ અને ૮૮ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૧૫–૧૬ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક–૨૦, ૨૬, ૩૯ અને ૭૩ રજૂ કરી.

સન ૨૦૧૫–૧૬ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક– ૨૦, ૨૬, ૩૯ અને ૭૩ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૧૮–૧૯ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક– ૯, ૧૩, ૧૮, ૭૩ અને ૮૬ રજૂ કરી.

સન ૨૦૧૮–૧૯ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક– ૯, ૧૩, ૧૮, ૭૩ અને ૮૬ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**
**દિવસની કામકાજની યાદીમાં ફેરફાર કરવા અંગે**

સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ આજના દિવસની કામકાજની યાદીમાં ૩૧ નંબરની સામાન્ય વહીવટ વિભાગની ચૂંટણી અંગેની બાબત/માગણી દૂર કરવાથી વિધાનસભાની પ્રણાલિકાઓ અને નિયમોનો ભંગ થવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી આ બાબતે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિ ભાગ–૧ના પાના નં.૪૦૯નો ઉલ્લેખ કરી જણાવ્યું કે, બંધારણીય સંસ્થાઓને લગતા પ્રશ્નો સંબંધમાં વિધાનસભા નિયમોમાં કોઇ જોગવાઇ નહીં હોવાનું તેમજ આવી સંસ્થાઓ તેમની બંધારણીય ફરજો બજાવવામાં હસ્તક્ષેપ કરે તેવી બાબતો દાખલ કરવામાં આવતી ન હોવાનું જણાવ્યું. વધુમાં ૧૨મી માર્ચ, ૨૦૦૩ના રોજ સામાન્ય વહીવટ વિભાગની માગણીની ચર્ચા દરમિયાન કેટલાક સભ્યો દ્વારા વિધાનસભાની સામાન્ય ચૂંટણીનો અને મતદાર યાદી અંગેના પ્રશ્નો ઉઠાવેલા હતા ત્યારે જે તે વખતના પુરોગામી માનનીય અધ્યક્ષશ્રીએ બંધારણની કલમ–૩૨૪નો ઉલ્લેખ કરી જણાવેલ કે, સંસદ વિધાનસભાને લગતી તમામ બાબતો પર દેખરેખ, નિરીક્ષણ, નિયંત્રણ અને કેન્દ્રીય ચૂંટણીપંચમાં કામગીરી

બજાવતો સ્ટાફ ચૂંટણીપંચ હેઠળ પ્રતિનિયુક્તિ થયેલો ગણવામાં આવતો હોય છે. મતદાર યાદી તૈયાર કરવાની કામગીરીમાં ઈવીએમ ખોટવાઇ જવું, વીવીપેટની કાર્યરીતિ સંબંધમાં રાજ્ય સરકારની કોઇ પ્રાથમિક જવાબદારી ન હોવાનું જણાવ્યું.

સભ્યશ્રી શૈલેષ પરમાર, વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, સભ્યશ્રી રમણલાલ વોરા, સભ્યશ્રી ઉમેશભાઇ મકવાણાએ પોઇન્ટ ઓફ ઓર્ડરના સંબંધમાં પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

વિધાનસભાના નિયમોના નિયમ-૨૨૬(૨)ની જોગવાઇઓનો ઉલ્લેખ કરી અનુદાન માટેની માગણીઓ પર ચર્ચા અધ્યક્ષશ્રી નિર્દેશ કરે તે ક્રમમાં કરવાની હોવાથી વિધાનસભા પ્રણાલિકા અનુસાર અનુદાનો માટેની માગણીઓની ચર્ચા હાથ પર લેતા પહેલાં વિરોધપક્ષને માન્યતા મળેલ ન હોવાથી શાસક પક્ષના દંડકશ્રીએ રજૂ કરેલ યાદીને તેઓશ્રીએ સંમતિ આપેલ હોવાથી પત્રક ભાગ-૨ પ્રસિદ્ધ કરી સર્વે સભ્યશ્રીઓને જાણ કરવામાં આવેલ હોવાનું તેમજ તા.૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ની પૂરક માગણીઓની ચર્ચા સમયે ચૂંટણી અંગેની માગણી નં.૩૧ માં તેઓશ્રીએ પુરોગામી અધ્યક્ષશ્રીના નિર્ણયોનો ઉલ્લેખ કરી જણાવેલ હતું કે, ચૂંટણીપંચની બંધારણીય કામગીરી બાબતમાં ચર્ચા કરી શકાય નહીં, પરંતુ વહીવટી કામગીરીની ચર્ચા થઇ શકે. પરંતુ તે વખતે સભ્યશ્રીઓ દ્વારા વહીવટી પ્રક્રિયાની ચર્ચા કરતાં ચૂંટણીપંચના નિર્ણયની પ્રક્રિયાની ચર્ચા કરેલ હોઇ સરકારના મુખ્ય દંડકશ્રીની વિનંતીને ધ્યાને લઇ વિધાનસભાના અધ્યક્ષને મળેલ અધિકારની રૂએ માગણી નં.૩૧ ચૂંટણીની માગણી રદ કરી અને માગણી નં.૩૫ સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ સામેલ કરવા પરવાનગી આપેલ હોઇ અને તેના ઉપરની કાપ દરખાસ્ત પણ સભ્યશ્રીએ રજૂ કરેલ હોવાથી આ સંપૂર્ણ બાબત અધ્યક્ષશ્રીના અધિકારક્ષેત્રની હોવાથી સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાના પોઇન્ટ ઓફ ઓર્ડરને માનનીય અધ્યક્ષશ્રીએ નામંજૂર કર્યો.

**૩. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સભાગૃહનો સમય બિનજરૂરી વ્યય કરવા અંગે.**

સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયા દ્વારા બિનજરૂરી પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી સભાગૃહના સમયનો વ્યય કરેલ હોવા અંગેનો વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં, વિધાનસભા ગૃહમાં પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં પહેલાં તેના જરૂરી પાસા ચકાસી, વિસ્તૃત અભ્યાસ કરવા તેમજ બીજા સભ્યશ્રીઓના અધિકારો છીનવાય નહીં, બાબતનું પુનરાવર્તન ન થાય તેમજ નિયમાનુસાર જ ટૂંકમાં પોઇન્ટ ઓફ ઓર્ડરની રજૂઆત કરવા સર્વે સભ્યશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ જણાવી પોઇન્ટ ઓફ ઓર્ડર મંજૂર કર્યો.

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ)**

મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક-૩૦, સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક-૩૩, સામાન્ય વહીવટ વિભાગને લગતું બીજું ખર્ચને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૩૫ સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે રજૂ કરી, ખાણ અને ખનીજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૫૦, બંદરો અને વાહનવ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહનવ્યવહાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૫, રહેણાંક મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૮૫, માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૮૬ તથા ગુજરાતના પાટનગર બાંધકામની યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૮૭, ઉદ્યોગ અને ખાણ, બંદરો અને વાહનવ્યવહાર તથા માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૩૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૩, ૪ અને ૫, માગણી ક્રમાંક-૩૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૬, ૭, ૯, ૧૧, અને ૧૨, માગણી ક્રમાંક-૩૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ અને ૧૪, માગણી ક્રમાંક-૫૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨ અને ૨૩, માગણી ક્રમાંક-૭૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪, ૨૫, ૨૬, અને ૨૭,

માગણી ક્રમાંક–૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૭, ૩૯, ૪૦, ૪૧ અને ૪૨ તથા માગણી ક્રમાંક–૮૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૩ અને ૪૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**૫. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

કાપ દરખાસ્ત રજૂ કર્યા બાદ વિપક્ષના સભ્યશ્રીઓ સભાગૃહમાં હાજર રહેતા ન હોવાથી તેમને સભાગૃહમાં હાજર રહેવા અંગે માનનીય અધ્યક્ષશ્રીએ વિપક્ષના સભ્યશ્રીઓને સૂચના આપી.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમિત ચાવડા
(૨)ડૉ.સી.જે.ચાવડા
(૩)શ્રી મહેશ કસવાલા
(૪) શ્રી મુકેશભાઇ પટેલ
(૫) શ્રી વિમલભાઇ ચુડાસમા

**(વિરામ સવારના ૧૧–૦૦ થી ૧૧–૩૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
(૭) શ્રી જનકભાઇ તળાવીયા
(૮) શ્રી ધવલસિંહ ઝાલા
(૯) શ્રી માવજીભાઇ દેસાઇ
(૧૦) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૧૧) શ્રી અનિકેત ઠાકર

ત્યારબાદ ચર્ચાનો જવાબ જવાબ સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલ તથા ઉદ્યોગ અને ખાણ, બંદરો અને વાહનવ્યવહાર તથા માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે આપ્યો.

**૭. સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

સરકારના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઇ પટેલે માગણી ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના સભ્ય શ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૧–૧૪ કલાક)

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ)( ક્રમશઃ)**

ત્યારબાદ માગણી ક્રમાંક–૭૫ પરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ બાકીની રજૂ થયેલ કાપ દરખાસ્તો મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૩૦, ૩૩, ૩૫, ૫૦, ૭૫, ૮૫, ૮૬ અને ૮૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૨–૪૫ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧–૩૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**તા.૧૭મી માર્ચ, ૨૦૨૬**
**(બીજી બેઠક )**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૨–૪૫ વાગ્યે ફરી મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા ૧૭મી માર્ચ, ૨૦૨૬ના રોજની (બીજી બેઠક) તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૭ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૫, ૧૦ અને ૧૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૮થી ૧૫૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૩–૪૫ કલાકે પૂરો થયો.

**૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)**

તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૯, પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૦ રાજ્ય કક્ષાના માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ રજૂ કરી.

જેમ જેમ માગણીઓ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૮, ૯, ૧૧, ૧૨, ૧૬, ૧૭, ૧૯, ૨૧, ૨૨ અને ૨૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડૉ.કિરીટકુમાર પટેલ(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૨) ડૉ.હસમુખભાઇ પટેલ
(૩) ડૉ.દર્શનાબેન દેશમુખ
(૪) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૫) શ્રી ધવલસિંહ ઝાલા
(૬) ડૉ.પાયલ કુકરાની
(૭) શ્રી ગોપાલભાઇ ઇટાલીયા

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ આપ્યો. (ચર્ચા અધૂરી)

**૪. સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવા અંગે.**

સરકારના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઇ પટેલે માગણી ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના સભ્ય શ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવ્યો. ( બપોરના ૪–૪૨ કલાક)

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દસમો દિવસ)( ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ પૂરો કર્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૩૯ પરની કાપ દરખાસ્ત ક્રમાંક–૯ અને ૧૯ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ બાકીની રજૂ થયેલ કાપ દરખાસ્તો મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૩૯ અને ૪૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**(વિરામ સાંજના ૫–૦૧ થી ૫–૧૫)**

**૬. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

**પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો.**

**(૧)** સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૩નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયકના પ્રભારી સભ્યશ્રી અમીત શાહ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઈ નહીં.

**(૨)** સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૫–સન–૨૦૨૩નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (રદ કરવા) બાબત વિધેયકના પ્રભારી સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઈ નહીં.

**(૩)** સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૩–સન–૨૦૨૩નું ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયકના પ્રભારી સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઈ નહીં.

**(૪)** સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૪–સન–૨૦૨૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયકના પ્રભારી સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઈ નહીં.

**સભાગૃહ, બુધવાર તા. ૧૮મી માર્ચ, ૨૦૨૬ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫–૧૫ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૭મી માર્ચ, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૨૦**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**બુધવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

**૧ પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૧૮મી માર્ચ, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯ (ચર્ચા અધૂરી)ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

**૨. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

ગઇકાલે લોકસભાના માનનીય અધ્યક્ષશ્રી ઓમ બિરલાજીએ લોકસભામાં સભ્યશ્રીઓને ટૂંકમાં પ્રશ્નો પૂછવા તથા મંત્રીશ્રીઓને ટૂંકમાં જવાબો આપવા જણાવેલ તે જ રીતે વિધાનસભામાં પણ દરેક સભ્યશ્રીને ટૂંકમાં પ્રશ્નો પૂછવા તેમજ મંત્રીશ્રીઓને ટૂંકમાં જવાબ આપવાની માનનીય અધ્યક્ષશ્રીએ સૂચના આપી.

**૩. પ્રશ્નોત્તરી (ક્રમશઃ)**

ત્યારબાદ અગ્રતાક્રમ–૯ની ચર્ચા આગળ ચાલી અને તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન ક્રમાંક–૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૧ અને ૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૬ થી ૨૧૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧–૦૦ કલાકે પૂરો થયો.

**૪. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**નાણાકીય સમિતિઓના નામ–નિર્દેશન માટેની મુદત વધારવા તથા ચૂંટણી કાર્યક્રમમાં ફેરફાર અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ સરકારના મુખ્ય દંડકશ્રીની વિનંતીને ગ્રાહ્ય રાખી ચૂંટણી માટેના નામ–નિર્દેશન માટેની છેલ્લી તા. ૧૭–૩–૨૦૨૬ના રોજ નિર્ધારિત કરેલ મુદત લંબાવી ચૂંટણી કાર્યક્રમમાં ફેરફાર કરવા અંગેની જાહેરાત કરી અને આ અંગે તા.૧૭–૩–૨૦૨૬ના રોજ પત્રક ભાગ–૨ ક્રમાંક–૨૭૮ પ્રસિદ્ધ કર્યાનું જણાવ્યું.

**૫. પોઇન્ટ ઓફ ઇન્ફોર્મેશન**

**ઇ–મેઇલ દ્વારા વિધાનસભાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળવા અંગે**

માનનીય સભ્યશ્રી શૈલેષ પરમારે ઇ–મેઇલ દ્વારા ગુજરાત વિધાનસભાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હોવાની જાણ માનનીય અધ્યક્ષશ્રીને પોલીસ દ્વારા કરવામાં આવેલ તે સંદર્ભે આ ઇ–મેઇલ ક્યાંથી આવેલ તથા તે મળ્યા બાદ કરવામાં આવેલ કાર્યવાહીથી માહિતી સભાગૃહને આપવા માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરી.

વિધાનસભાના સચિવશ્રી દ્વારા આજે સવારે વિધાનસભા સચિવાલય ઉપર ઇ–મેઇલ આવ્યો હોવાનું તેઓશ્રીને માહિતી મળતા આ બાબત તાત્કાલિક માનનીય મુખ્યમંત્રીશ્રીના ધ્યાન ઉપર લાવવામાં આવી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી તથા રાજ્યના ડી.જી.પી.ને આ અંગેની જાણ કરવામાં આવી. વિધાનસભાના રોજબરોજના થતા ચેકિંગ ઉપરાંત આજરોજ વિશેષ કાળજી સ્વરૂપે ફરીવાર ચેકિંગ કરવાના આદેશો આપવામાં આવ્યા અને ખતરા અંગેની કોઇ બાબત ધ્યાને ન આવ્યાનું તેમજ ઇ–મેઇલ અંગેની વધુ સઘન તપાસ રાજ્ય સરકારને સોંપવામાં આવી હોવા અંગે માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૬. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો.**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૨) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાગરીક પુરવઠા મંત્રીશ્રી રમણભાઇ સોલંકી**

(૩) ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો,

ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

**(૪)** બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

**(૫)** જી–રાઇડ બેડી પોર્ટ રેલ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

**(૬)** ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ. મનીષા વકીલ**

**(૭)** ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૨૩–૨૪ અને ૨૦૨૪–૨૫ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સમીક્ષા તેમજ સન ૨૦૨૩–૨૪ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

**(૮)** ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૨૩–૨૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ, સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૨૦૨૩–૨૪ના અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

**(૯)** ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

**(૧૦)** ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના સન ૨૦૧૯–૨૦ અને ૨૦૨૦–૨૧ના વાર્ષિક અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા**

**(૧૧)** ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૨૪–૨૫ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના પાણી પુરવઠા મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

**(૧૨)** ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી પ્રવિણભાઇ માળી**

**(૧૩)** ગુજરાત જૈવવિવિધતા બોર્ડનો સન ૨૦૨૪–૨૦૨૫નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી પ્રવિણભાઇ માળી**

**(૧૪)** ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટીનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક વહીવટી અને ઓડિટ અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી પ્રવિણભાઇ માળી**

**(૧૫)** ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ

**સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

**૭. વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત**

**(૧) કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ચૌદમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

**(૨)** અંદાજ સમિતિના માનનીય પ્રમુખશ્રી અર્જુનસિંહ ચૌહાણે સમિતિનો આઠમો અહેવાલ રજૂ કર્યો.

**૮. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)**

નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૫, સિંચાઇ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૬, પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૭ નર્મદા અને કલ્પસર પ્રભાગનો હવાલો ધરાવતા તથા રાજ્ય કક્ષાના માનનીય જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૬૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૩, ૪ અને ૫, માગણી ક્રમાંક–૬૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૬, ૭, ૮, ૯ અને ૧૦ તથા માગણી ક્રમાંક–૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**૧૦. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

દરેક ધારાસભ્યશ્રીને મતવિસ્તાર દીઠ એક બસ ફાળવવા અંગેનો કાર્યક્રમ રાખવામાં આવેલ હોવાથી દરેક સભ્યશ્રીને કાર્યક્રમના સ્થળે બપોરના ૧૨–૦૦ કલાકે ઉપસ્થિત રહેવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**૧૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અનંતકુમાર પટેલ
(૨) શ્રી રાઘવજીભાઇ પટેલ
(૩) શ્રી ઇશ્વરભાઇ પરમાર
(૪) શ્રી માનસિંહ ચૌહાણ
(૫) શ્રી હેમંતભાઇ આહીર
(૬) શ્રી અભેસિંહ તડવી

**(વિરામ બપોરના ૧૨–૦૦ થી ૧૨–૩૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી મહેશભાઇ ભૂરિયા
(૮) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૯) શ્રી અમૃતજી ઠાકોર
(૧૦) શ્રી ધવલસિંહ ઝાલા
(૧૧) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૧૨) શ્રી કનુભાઇ પટેલ
(૧૩) શ્રી માવજીભાઇ દેસાઇ
(૧૪) શ્રી ઉદયભાઇ કાનગડ

ત્યારબાદ ચર્ચાનો જવાબ નર્મદા અને કલ્પસર પ્રભાગનો હવાલો ધરાવતા તથા રાજ્ય કક્ષાના માનનીય જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૬૫, ૬૬ અને ૬૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, સોમવાર તા. ૨૩મી માર્ચ, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧–૫૮ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૮મી માર્ચ, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.